

# શ્રીમદ્ ભગવદ્ગીતા

(પ્રશ્ન અને ઉત્તર રુપે સંક્ષિપ્તમાં)


જયદીપ ચૌધરી

ડૉ. હર્ષિદા જ. ચૌધરી

આંતરરાષ્ટ્રીય ગીતા સોસાયટી

આ પુસ્તકના તમામ હકો લેખકોને આધિન રહેલા છે. આ પુસ્તકનો ઉપયોગ શૈક્ષણિક, સામાજીક અને સેવાભાવી સંસ્થાઓ લેખકોની રજા વગર કરી શકશે, પરંતુ લેખકોને તથા આંતરરાષ્ટ્રીય ગીતા સોસાયટીને શ્રેય આપવો જરૂરી છે. વધુ માહિતી માટે સંર્પક કરોઃ
www.gita-society.com
અથવા તો ઈમેલ કરોઃ Jaydeep.p.chaudhari@gmail.com

પુસ્તક મુદ્રણ અને પ્રાપ્તિ સ્થાન :

**આંતરરાષ્ટ્રીય ગીતા સોસાયટી, ભારત**
માત્રિનગર કૉલૉની, માલહીયા બાયપાસ,
રામાના ડાફી, વારાણાસી-૨૨૧૦૧૧, ઉત્તર પ્રદેશ.

International Gita Society, USA
511 Lowell Place, Fremont, CA 95536, USA

ચિત્રઃ શ્રીનંદનંદના દાસ

સંપાદનઃ રામાનંદ પ્રસાદ, રામાશિષ સિંઘ, પ્રફુલ્લ સેલત, દક્ષા ચૌધરી, નરેશ સંખાત, વિનોદ ચૌધરી, ગૌરવ ચૌધરી, દક્ષેશ પટેલ

# પ્રસ્તાવના

હું કોણ છું? મારી ઓળખાણ શું છે? હું કઇ રીતે સુખ અને શાંતિપૂર્વક જીવન વ્યતિત કરી શકું? હું શ્રેષ્ઠ વ્યકિત કઇ રીતે બની શકું? હું કઇ રીતે ભગવાનને પામી શકું? ભગવાન કોણ છે? આ સૃષ્ટિ શુ છે? આ બધા પ્રશ્નોના ઉત્તર આ જગતના પિતા, શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં વર્ણવેલા છે. આ ઉપદેશ સ્વયં ભગવાન શ્રીકૃષ્ણના મુખથી નીકળેલ હોવાથી તેને શ્રીમદ ભગવદગીતા કહે છે. આજથી ૫૦૦૦ વર્ષ પૂર્વ, પાડું રાજાના પુત્રો (પાંડવો) ને વારસામાં મળેલ રાજય હસ્તિનાપુરને, પાંડુરાજાના ભાઇશ્રી ધૃતરાષ્ટ્રના પુત્રો (કૌરવો) હડપ કરી લેવા માંગતા હતા. આમ, રાજયના અધિકારને લઇને પિતરાઇ ભાઇઓ વચ્ચે મહાભારતનો મહાસંગ્રામ થયો. આ મહાસંગ્રામના સ્થળ કુરુક્ષેત્રમાં જ શ્રીમદ  ભગવદગીતાનો જન્મ થયો

શ્રીમદ ભગવદગીતાનું જ્ઞાન એટલું ઉંડાણપૂર્વકનું છે કે તેને સમજતાં વર્ષોના વર્ષો નીકળી જાય છે. આ જ્ઞાન સમજવું મુશ્કેલ ભર્યું છે. આ કારણથી મોટાભાગના લોકો તેને વાંચવાનો, સમજવાનો કે જીવનમાં ઉતરવાનો પ્રયત્ન જ નથી કરતા. તદઉપરાંત શ્રીમદ ભગવદ ગીતા માટે લખાયેલા

તમામ પુસ્તકો સાહિત્ય તથા કદની રીતે એટલા ભારીખમ છે કે આજના આધુનિક સમયમાં લોકો તેને વાંચવાનુ અવગણે છે. આ કારણને લઇને અમે એક એવુ પુસ્તક બનાવવાનો પ્રયત્ન કર્યો છે કે જે આ સંસારનો સામાન્ય માણસ કે જેને ફકત સામાન્ય અક્ષરજ્ઞાન છે, તે પણ વાંચી અને સમજી શકે. શ્રીમદ્દ ભગવદ્દગીતા વાંચતા, દરેકના મનમાં ઉઠતા પ્રશ્નો અમે, આ પુસ્તકમાં અમે અર્જુન દ્વારા રજુ કર્યા છે. આ પધ્ધતિ અમે શ્રીમદ્દ ભગવદ્દગીતાનો હાર્દ તથા તેમાં રહેલી મુખ્ય બાબતો સમજાવવા કર્યો છે. જેની દરેક વાંચકે નોંધ લેવી. શ્રીમદ્દ ભગવદ્દગીતાનો વધુ ઉંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે આ પુસ્તકના અંતે આપેલ સુચીને અનુસરવી. અમોને આશા છે કે આ સંસારનો દરેક મનુષ્ય શ્રીમદ્દ ભગવદ્દગીતાને વાંચે. આ પુસ્તકને સુંદર બનાવવા અમને સુચનો આવકાર્ય છે.

શ્રી જયદીપ ચૌધરી, તથા
શ્રીમતી ડૉ. હર્ષિદા જ. ચૌધરી ના
જય શ્રી કૃષ્ણ
બોઝમેન, રાજય : મોન્ટાના , યુ. એસ. એ
સનાતન ધર્મનુ નવુ વર્ષ ૨૦૬૮ (માર્ચ ૨૩, ૨૦૧૨)

## અધ્યાય ૧ અર્જુનની વેદના

યુદ્ધભૂમિમાં બંને પક્ષના લશ્કરો, સગા-સંબંધીઓ, ગુરુજનો, અને સમાજના અગ્રણી નેતાઓથી સજ્જ હતા. આ યુદ્ધમાં મહાન યોદ્ધો- અર્જુન કે જે ધનુરવિદ્યામાં પારંગત હતો, તે પાંડવ પક્ષનો નાયક હતો, અને તેના સારથિ ભગવાન શ્રીકૃષ્ણ હતા. પોતાના સગા-સંબંધીઓ, ગુરુજનો, અને મિત્રોને પોતાની સમક્ષ રણભૂમિમાં યુદ્ધ માટે જોઈને અર્જુન માનસિક રીતે ભાગી પડયો. તેણે પોતાના સારથિ ભગવાન શ્રીકૃષ્ણને કહ્યુ કે, હે કૃષ્ણ, મારા જ સ્વજનોની હત્યા કરી, વિજયી થઇ અને હું રાજય પ્રાપ્ત કરું તો તે સુખ મારા માટે શું કામનું? આથી મારે યુદ્ધ નથી કરવું. આમ કહીને અર્જુન શોકમય બની ગયો.

## અધ્યાય ૨ આત્માની અમરતાનું સનાતન સત્ય

**અર્જુનઃ** *હે શ્રી કૃષ્ણ, મારા સ્વજનોના લોહીથી ખરડાયેલા રાજયને પ્રાપ્ત કરીને હું શું કરું? આ સિવાય મારી જોડે બીજો કોઇ વિકલ્પ ખરો?*

**શ્રી કૃષ્ણઃ** જેમ મનુષ્ય પોતાના જુના વસ્ત્રોને ઉતારી નવા વસ્ત્રો ધારણ કરે છે તેમજ આત્મા (જીવ) મૃત્યુ પછી પોતાના જૂના શરીરનો ત્યાગ કરી નવું શરીર પ્રાપ્ત કરે છે. જન્મ લેનારનું મૃત્યુ નિશ્ચિત છે અને મરનારનો જન્મ નિશ્ચિત છે. તારો આત્મા અમર છે. તેથી આ વિષયમાં તારે શોક ન કરવો જોઇએ. આ યુદ્ધ એ ધર્મ અને અધર્મ વચ્ચેનું યુદ્ધ છે. એક ક્ષત્રિય તરીકે તારા માટે આ ધર્મયુદ્ધથી મોટું બીજું કોઇ કલ્યાણકારી કામ નથી. આ યુદ્ધ તો તારા માટે સ્વર્ગનું દ્વાર છે. જો તું યુદ્ધમાં મરીશ તો સ્વર્ગનો આનંદ પામીશ, અને જો તું યુદ્ધમાં જીતીશ તો તને રાજયનું સુખ મળશે. આમ લાભ થાય કે નુકશાન, સુખ મળે કે દુઃખ, હે અર્જુન ઊભો થા અને યુદ્ધ કર, મનની વિહવળતાથી તું તારા કર્તવ્યથી વિચલીત ન થા, કાર્ય કર અને કર્મના બંધનોથી મુકત થા. માત્ર કર્મ કરવાનું જ મનુષ્યના વશમાં છે, કર્મફળ નહીં. આથી તું તારુ કાર્ય કર, ફળની ચિંતા ન કરીશ. ફળની આશામાં અસફળતાનો ભય રહેલો હોય છે. તેથી આશાનો ત્યાગ કરનાર પરમ શાંતિને પ્રાપ્ત કરે છે અને એ જ્ઞાની જન્મ મરણના બંધનથી મુકત થઇ જાય છે.

**અર્જુનઃ** *હે કેશવ, જ્ઞાની મનુષ્ય કોને કહી શકાય?*

**શ્રી કૃષ્ણઃ** હે પાર્થ, જે વ્યકિત દુઃખમાં શોક ન કરે, સુખમાં

છકી ન જાય, તથા જેના મનમાં રાગ, ભય, અને ક્રોધ નષ્ટ થઇ ગયા હોય અને જેણે પોતાના પર વિજય પ્રાપ્ત કર્યો હોય તે જ્ઞાની છે. જ્ઞાની વ્યકિતનું મન સ્થિર થઇ જાય છે, તેને પરમ શાંતિનો અનુભવ થાય છે, અને તે ભગવાનને પ્રાપ્ત કરે છે. તેથી તું જ્ઞાની બન, ઉઠ, અને યુધ્ધ કર.

## અધ્યાય ૩ માનવનું નિત્યકાર્ય

***અર્જુનઃ*** *હે શ્રી કૃષ્ણ, આપ એક બાજુ સ્વધર્મ સમજી યુદ્ધ (કર્મ) કરવાનું કહો છો, અને બીજી તરફ આત્મજ્ઞાન મેળવવાનું કહો છો. તમે આવી બે બાજુની વાતો કરી મને વિમાસણમાં મુકો છો તો તમે મને સમજાવો કે મારે યુદ્ધ કરવું કે આત્મજ્ઞાન મેળવવું?*

**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, આ સંસારમાં ભગવાનને પામવાના બે રસ્તા છેઃ (૧) આત્મજ્ઞાન (જ્ઞાન યોગ); અને (૨) નિઃસ્વાર્થ કાર્ય (કર્મયોગ). અને આ બંને રસ્તાઓ એકબીજા સાથે સંકળાયેલા છે. આ સંસારમાં કોઇપણ મનુષ્ય કાર્ય કર્યા વગર ઉત્તમ ન બની શકે. ખરેખર કોઇપણ મનુષ્ય એક ક્ષણ પણ કાર્ય વગર રહી શકતો નથી. કુદરતના નિયમ પ્રમાણે દરેક વ્યકિતએ કામ તો કરવું જ પડે છે. પરંતુ આત્મજ્ઞાની વ્યકિત પોતાની જાતને ભગવાનના સાધન તરીકે સમજે છે. તે

કોઈપણ કાર્ય ભગવાન માટે કરે છે. જયારે અજ્ઞાની વ્યકિત પોતાના સ્વાર્થ માટે કાર્ય કરે છે. આ સંસારમાં મારે કંઇ મેળવવાનું નથી છતાં હું તારો સારથિ બની રથ ચલાવું છું. મારે પણ કાર્ય કરવું જ પડે છે. જો હું કાર્ય ન કરું અને બેસી જાઉં તો લોકો પણ મારું અનુકરણ કરીને બેસી જાય. તેઓ પણ કાર્ય ન કરે તો આ પૃથ્વીનો નાશ થઇ જાય. આથી તું તારું માનસિક દુઃખ, અહંકાર, સ્વાર્થની ભાવના છોડી તારું કાર્ય ભગવાન માટેનું સમજીને કર. પોતાનું કરેલું કાર્ય જ ઉત્તમ છે, આપણા સ્વભાવ વિરુધ્ધ કરેલું કાર્ય ભયજનક હોય છે.

**અર્જુનઃ** *શ્રી કૃષ્ણ, તો પાપ કરવા માટે કોણ પ્રેરે છે? પાપનું કારણ શું છે? એવું શું છે કે લોકો પોતાની ઈચ્છા વિરુધ્ધ પાપ કરવા પ્રેરાય છે?*

**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, ઇચ્છાઓ અને વાસનાઓથી ભરેલ મન મનુષ્યને ક્રોધ કરવા પ્રેરે છે અને ક્રોધ મનુષ્યને પાપી બનાવે છે. તેથી ક્રોધને તું તારા શત્રુ તરીકે જાણ.

***અર્જુનઃ*** *હે શ્રી કૃષ્ણ, મન, બુદ્ધિ, ઈન્દ્રિય, અને આત્મામાં સૌથી ઉત્તમ કોણ?*

**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, ઇન્દ્રિય બળવાન છે. મન ઇન્દ્રિયથી બળવાન છે, બુદ્ધિ મનથી શ્રેષ્ઠ છે અને આત્મા સૌથી

ઉત્તમ છે. માટે હે અર્જુન તું તારા આત્માને ઓળખ.

## અધ્યાય ૪ જ્ઞાનની જિજ્ઞાસા

**અર્જુન**: *હે શ્રી કૃષ્ણ, તમારા પહેલા ઘણા જ્ઞાની પુરુષો થઇ ગયા, જેમણે કર્મ તથા જ્ઞાનની વાતો કરી છે, છતાં તમે કઇ રીતે મહાન છો?*

**શ્રી કૃષ્ણ**: હે અર્જુન, મારા અને તારા ઘણા જન્મો થઇ ચૂકયા છે, તને તે યાદ નથી પરંતું મને મારા સર્વ જન્મો યાદ છે. હું જગતની પ્રત્યેક વસ્તુનો સ્વામી છું. હું જગતનો પિતા છું. હું મારી દિવ્ય શકિતનો ઉપયોગ કરી વારંવાર જન્મ લઉ છું. જયારે જયારે આ પૃથ્વી ઉપર ધર્મનો નાશ થઇ જાય છે અને અધર્મ વ્યાપે છે, ત્યારે ત્યારે હું જન્મ લઉ છું. સજ્જનોનું રક્ષણ કરી દુષ્ટોનો નાશ કરું છું, ધર્મની પુનઃસ્થાપના કરું છું, અને ભકતોની આશા પુરી કરું છું. જે જેવા ભાવથી મને ભજે છે તેવા ભાવથી હું તેમની ઇચ્છા પુરી કરું છું. માટે જે મારું અનુસરણ કરશે તે મને પામશે, આથી હું મહાન છું.

**અર્જુન**: હે *શ્રી કૃષ્ણ, યજ્ઞના કેટલા પ્રકાર છે?*

**શ્રી કૃષ્ણ**: હે અર્જુન પ્રથમ યજ્ઞની વ્યાખ્યા સાંભળ, અર્પણ કરવાની (હોમવાની) ક્રિયાને યજ્ઞ કહે છે. આ ક્રિયા બ્રહ્મ છે. અગ્નિમાં અર્પણ કરવામાં આવતા પદાર્થ બ્રહ્મના સર્જન છે

તેમજ અગ્નિ પોતે બ્રહ્મ છે. યજ્ઞના જુદા જુદા પ્રકારો આ પ્રમાણે છેઃ (૧) યજ્ઞ દેવોનું પુજન કરીને કરી શકાય છે; (૨) યજ્ઞ જ્ઞાનની ઉપાસનાથી કરી શકાય છે; (૩) યજ્ઞ આત્મસંયમી બનીને થઇ શકે છે. જે વ્યકિત કોઇનું ખરાબ બોલતી નથી, ખરાબ સાંભળતી નથી, અને ખરાબ જોતી નથી તે વ્યકિત આત્મસંયમી છે; (૪) યોગ્ય વ્યકિતને દાન કરી યજ્ઞ કરી શકાય છે; (૫) યોગ અને પ્રાણાયામ કરીને યજ્ઞ કરી શકાય છે; અને (૬) પોતાના આહારનું નિયમન કરીને યજ્ઞ કરી શકાય છે. સાદો, સાત્વિક આહાર આવશ્યક માત્રામાં લેવો, શાકાહારી ભોજન લેવું. અહીં જણાવેલા પ્રકારોમાંથી કોઇપણ પ્રકારે યજ્ઞ કરીને આપણે બ્રહ્મને અવશ્ય પામી શકીએ છીએ. સર્વે યજ્ઞોમાં જ્ઞાનયજ્ઞ સૌથી શ્રેષ્ઠ છે, કારણ કે, બધા જ યજ્ઞો વડે થતા કાર્યો જ્ઞાનમાં સમાઇ જાય છે.

**અર્જુનઃ** *હે શ્રી કૃષ્ણ, જ્ઞાનયજ્ઞ કરવા માટે જ્ઞાન કઇ રીતે મેળવી શકાય?*

**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, સિદ્ધપુરુષ(જ્ઞાનયોગી)ના ઉપદેશથી જ્ઞાન મેળવી શકાય છે. શ્રદ્ધાવાન, ગુરુસેવામાં તત્પર તથા જેણે પોતાની ઇન્દ્રિયોપર વિજય મેળવેલ છે તે પુરુષ શ્રેષ્ઠ જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ જ્ઞાન પ્રાપ્ત કરીને તે તરત મોક્ષરુપી

પરમ શાંતિ પામે છે. હે અર્જુન, જો તું સર્વ પાપીઓથી પણ વધારે પાપ કરનારો હોઇશ તો પણ જ્ઞાનરુપી નૌકા વડે પાપરુપી સમુદ્રને તરી જઇશ.

## અધ્યાય ૫ કર્મ અને સંન્યાસ યોગ

**અર્જુન**: *હે શ્રી કૃષ્ણ, આપ કેટલીક વખત કર્મના સંન્યાસની તો કેટલીક વખત કર્મના યોગની પ્રશંસા કરો છો. તો એ બંનેમાંથી ગમે તે એક કે જે મારે માટે કલ્યાણકારી હોય તે નિશ્ચિત કરીને કહો.*

**શ્રીકૃષ્ણ**: હે અર્જુન, સંન્યાસી (જ્ઞાનયોગી) અને કર્મયોગી બે અલગ અલગ છે એવું વિદ્વાનો માનતા નથી, કારણ કે મનુષ્ય બંનેમાંથી એક ને પણ ઉત્તમ રીતે આચરે તો ફળ પ્રાપ્ત કરે છે. હું જ્ઞાન કરતાં કાર્યને ઉત્તમ કહું છું કારણ કે, તે આચરણમાં મુકવું સહેલું છે. સ્વાર્થ વગરનું કાર્ય એ એક જીવન મંત્ર છે અને સંન્યાસ એ એક અર્થ છે. કર્મના અનુષ્ઠાન વગર સંન્યાસ પ્રાપ્ત કરવો અતિ કઠીન છે.

***અર્જુન***: *હે શ્રી કૃષ્ણ, સાચો કર્મયોગી કોને કહેવાય?*

**શ્રી કૃષ્ણ**: હે અર્જુન, સાચો કર્મયોગી એ છે કે, (૧) જે વ્યકિત નિઃસ્વાર્થ પોતાનું કાર્ય કરે છે; (૨) જે કામ, ક્રોધ, મોહ-માયાથી પર હોય, અર્થાત જેણે પોતાની ઇન્દ્રિયો પર વિજય

મેળવ્યો હોય; (૩) જે પારકાનું દુઃખ પોતાનું જાણી મદદ કરવા તત્પર રહેતો હોય; (૪) જે મનગમતું મેળવી હર્ષ પામતો નથી અને અણગમતું મેળવી દુઃખી થતો નથી; અને(૫) જે પોતાનું મન આધ્યાત્મિક જ્ઞાન તથા ભગવાનમાં પરોવી આનંદ અનુભવતો હોય.

**અર્જુનઃ** *હે શ્રી કૃષ્ણ, તમે તમારી જાતને કાર્ય કરાવનાર સમજો છો?*

**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, હું કાર્ય કરાવનાર તરીકે મને અનુભવતો નથી. કાર્ય એ તો સૃષ્ટિ પર રહેલી આ પ્રકૃતિ કરાવે છે.

## અધ્યાય ૬ આત્માના સાક્ષાત્કારનું વિજ્ઞાન

**અર્જુનઃ** *હે શ્રી કૃષ્ણ, યોગી કોને કહેવાય?*

**શ્રી કૃષ્ણઃ** જે મનુષ્ય ફળની ઇચ્છા ન કરી, સતત કાર્ય કરતો રહે છે અને આત્મસંયમી છે તેને યોગી કહેવાય છે. પરંતુ જે વ્યકિત પોતાના કર્તવ્યનો ત્યાગ કરી નિષ્ક્રિય થઇને બેસી રહે છે તે યોગી કહેવાતો નથી.

**અર્જુનઃ** *હે શ્રી કૃષ્ણ, આપણે જીવનમાં કઇ રીતે આગળ આવી શકીએ કે પાછળ પડી જઇએ?*

**શ્રી કૃષ્ણઃ** કોઇપણ વ્યકિત પોતાના મન અને બુદ્ધિ થકી આગળ આવે કે પાછળ ધકેલાઇ જાય છે. જેણે

પોતાના મન ઉપર બુદ્ધિથી વિજય મેળવ્યો છે તેનું મન તેનું મિત્ર છે, પરંતું જેને મન પર કાબુ નથી, તેનું મન તેનું દુશ્મન છે. હે અર્જુન, હું માનુ છું કે ચંચળ મન પર કાબુ મેળવવો અતિ કઠીન છે, પરંતુ જે વ્યકિત શ્રદ્ધાપૂર્વક પ્રયત્ન કરે છે તે ચોકકસ સફળ થાય છે. જે વ્યકિત દરેક વસ્તુમાં મને અનુભવે છે, અને દરેક કાર્ય મારું સમજીને કરે છે તે મારી અતિ નિકટ છે.

**અર્જુન:** *હે શ્રી કૃષ્ણ, જે યોગમાં (સારા કાર્યોમાં) શ્રદ્ધાવાળો વ્યકિત છે, તે પોતાના માર્ગ પરથી વિચલીત થાય તો શું તેનો નાશ થઈ જાય છે?*

**શ્રી કૃષ્ણ:** હે અર્જુન, આ લોકમાં કે પરલોકમાં યોગીનો કદી વિનાશ થતો નથી, કારણ કે કલ્યાણના માર્ગનું આચરણ કરનાર કોઈ પણ મનુષ્ય દુર્ગતિ પામતો નથી. તે નિષ્ફળ યોગી પણ સ્વર્ગને પામે છે, કેટલાક વર્ષો ત્યાં નિવાસ કર્યા પછી પૃથ્વી પર પવિત્ર સજ્જનને ઘરે જન્મ લે છે. ખરેખર આ પૃથ્વીલોકમાં આવી જગ્યાએ જન્મ મળવો અતિ દુર્લભ છે. આ જન્મમાં તેને ફરીથી પોતાના અધૂરા કાર્યો પૂરા કરવાનો મોકો મળે છે અને તે ફરીથી યોગસિદ્ધિને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. આવો યોગી તપસ્વીઓ કરતા શ્રેષ્ઠ, જ્ઞાનીઓથી પણ જ્ઞાની, યજ્ઞાદિ કર્મ કરનારાઓથી પણ અધિક ઉત્તમ છે. માટે

હે અર્જુન, તું યોગી થા. સર્વ યોગીઓમાં જે મારા પ્રત્યે શ્રદ્ધાવાળો, મારામાં ચિત્ત સ્થિર રાખી મને ભજે છે તે મને પામે છે.

**અર્જુન**: *હે શ્રી કૃષ્ણ, ધ્યાન એટલે શું?*

**શ્રી કૃષ્ણ**: હે અર્જુન, ધ્યાન એટલે આપણા આંતર આત્માની ખોજ કરવાની પ્રક્રિયા.

**અર્જુન**: *ધ્યાન કઈ રીતે કરી શકાય?*

**શ્રી કૃષ્ણ**: ધ્યાન કરવા માટે એકાંત અને પવિત્ર સ્થળે બેસવું, ધ્યાન સમયે શરીર, મસ્તક અને ડોકને સીધા રાખી દઢપણે બેસવું, ઈર્ષાનો ત્યાગ કરવો, પોતાની ઇન્દ્રિયોને કાબુમાં રાખવી, અને મારું સ્મરણ કરવું. આમ કરવાથી પરમ શાંતિ અનુભવાશે.

**અર્જુન**: *યોગીએ પોતાની રોજીંદી જીંદગીમાં શું ધ્યાન રાખવું જોઈએ?*

**શ્રી કૃષ્ણ**: વધુ પડતા ઉપવાસ ન કરવા, તેમજ ખાવાનું પણ ખુબ ખાવું નહીં, ઉજાગરા કરવા નહીં, વધુ પડતું ઉંઘવું નહીં, યોગ્ય આહાર કરવો, અને સારી જગ્યાએ ફરવું. જે આ વસ્તુઓનું પાલન કરે છે તેને યોગના બધા જ લાભ મળે છે.

## અધ્યાય ૭ બ્રહ્માંડનું સર્જન અને ઈશ્વરની શરણાગત

**અર્જુનઃ** *હે શ્રી કૃષ્ણ, આ બ્રહ્માંડનું સર્જન કઈ રીતે થયું છે?*
**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, મારામાં બે પ્રકારની ઊર્જા(શકિત) રહેલી છેઃ (૧) જડ, અને (૨) ચેતન. (૧) પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુધ્ધિ અને અહંકાર એમ આ આઠ પ્રકારના ભેદની બનેલી ઊર્જા જે માયાવી પ્રકૃતિ તરીકે ઓળખાય છે અને જડ છે. (૨) બીજી ઊર્જા કે જે આત્મા (જીવ ચેતન) છે, જે ઉત્તમ પ્રકારની છે, અને જેની ઉપર આ બ્રહ્માંડ જીવી રહ્યું છે. આ બે પ્રકારની ઊર્જા વડે હું આ પ્રકૃતિનું (બ્રહ્માંડનું) સર્જન અને વિનાશ કરું છું. હે અર્જુન, મારાથી ઉત્તમ બીજું કશું નથી, હું દરેક વસ્તુના કણકણમાં સમાયેલો છું
**અર્જુનઃ** *હે શ્રી કૃષ્ણ, આ માયાવી દુનિયા કેવા ગુણોની બનેલી છે?*
**શ્રી કૃષ્ણઃ** આ માયાવી દુનિયા ત્રણ ગુણોની બનેલી છે.
૧. સત્વ (સમતા) ગુણ કે જે સૌથી ઉત્તમ છે. જેમાં માણસ મધુર, શાંત અને મૃદુ સ્વભાવનો હોય છે.
૨. રજસ (ચંચળતા) ગુણ કે જે મધ્યમ પ્રકારનો છે.

૩. તમસ (અંધકાર કે જડતા) ગુણ કે જે નિમ્ન પ્રકારનો છે. જેમાં માણસ જડ, નિષ્ક્રિય, અને આળસુ હોય છે.

**અર્જુનઃ** *શું આ ત્રણ ગુણોવાળી માયાવી દુનિયા તરી જવા કોઈ માર્ગ છે?*

**શ્રી કૃષ્ણઃ** આ ત્રણેય ગુણો મારા પર આધારીત છે, પણ હું તેના પ્રભાવમાં નથી. આ સંસારના મનુષ્યો આ ત્રણેય પ્રકારના ગુણોથી પ્રભાવિત થયેલા છે, તેથી મને જાણી શકતા નથી. આ ત્રણ ગુણોની બનેલી દુનિયા તરવી મુશ્કેલ છે. પણ જે મારા શરણે આવે છે, તે મારી કૃપાથી તરી જાય છે.

**અર્જુનઃ** *આ સંસારના કેવા મનુષ્યો (ભકતો) તમારી પાસે આવે છે?*

**શ્રી કૃષ્ણઃ** આ સંસારના ચાર પ્રકારના ભકતો મારી પાસે આવે છેઃ (૧) જે દુઃખી છે; (૨) જે ધનની ઇચ્છા રાખે છે; (૩) જે પરમાત્માને જાણવાની ઇચ્છાવાળો છે; અને (૪) જે જ્ઞાની છે અને એકચિત્તે મને ભજે છે. મારા બધા ભકતો મને વહાલા છે, પરતું જ્ઞાની મને સૌથી વહાલો છે. કારણ કે તે સર્વત્ર મને નિહાળે છે. પરતું જ્ઞાની લોકો સંસારમાં ભાગ્યે જ મળે છે. જે લોકો, જે દેવોની, જે પણ નામથી, સ્વરૂપથી, પધ્ધતિથી, અને વિશ્વાસથી ભકિત કરે છે તેવા લોકોની ભકિત હું જે તે દેવમાં દૃઢ કરું છું. મે દૃઢ કરેલી ભકિતથી જે દેવનું

પુજન કર્યુ હોય તેના થકી હું તેમની ઇચ્છા પુરી કરુ છું.

**અર્જુનઃ** *આપે જે ઉપર મુજબ કહ્યું તેમ ભકિત કરવાથી શું લાભ થાય છે?*

**શ્રી કૃષ્ણઃ** તેનાથી મનુષ્ય આત્મસંયમી બને છે. આત્માનો અનુભવ કરી આનંદમાં રહે છે. આવા મનુષ્યનું કયારેય પતન થતું નથી. તેના બધા જ દુઃખોનો નાશ થાય છે. જે રોજરોજ આ પ્રકારે યોગ કરશે તે નિર્મળ બનશે અને મને પામી સુખ ભોગવશે.

## અધ્યાય ૮ અક્ષરધામ અને તેના માર્ગ

***અર્જુનઃ*** *હે શ્રી કૃષ્ણ, આ બ્રહ્મ શું છે? અધ્યાત્મ શું છે? કર્મ શું છે? શ્રેષ્ઠ પ્રાણી (જીવ) તથા શ્રેષ્ઠ દેવતા કોને કહેવાય છે?*

**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, પરમાત્માને બ્રહ્મ કહે છે. પરમાત્મા કે જે અક્ષર છે (એટલે કે જેનો કદી ક્ષય થતો નથી, અર્થાત જેનો કદી વિનાશ થતો નથી) અને તેમનું પરમધામ એ અક્ષરધામ છે. સ્વભાવ એ અધ્યાત્મ કહેવાય છે. સ્વભાવ એટલે કે સ્વયંમાં સ્થિરભાવ. પ્રાણીમાત્રને ઉત્પન્ન કરવાની બ્રહ્મની કાર્યશકિતને કર્મ કહે છે. મનુષ્ય શરીર, કે જે નાશવંત છે તે સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે. સર્વ દેવોમાં હું શ્રેષ્ઠ દેવ(ઇશ્વર) છું. હે અર્જુન, હવે તું મૃત્યુના અંતિમ સમયનું સત્ય સાંભળ,

મરણ વખતે જે વ્યકિત મારું સ્મરણ કરતા કરતાં શરીર છોડી જાય છે, તે મને પામે છે, અને અક્ષરધામમાં આવે છે. મનુષ્ય અંતકાળે જે જે વસ્તુને યાદ કરતાં શરીર છોડે છે તે તેને પામે છે. માટે તું નિરંતર મારું સ્મરણ કર અને યુદ્ધ કર. તો તું મને અવશ્ય પામીશ.

**અર્જુનઃ** *તમારા કહેવા પ્રમાણે મૃત્યુ સમયે મનુષ્ય જે કોઈ ભાવનું સ્મરણ કરતાં શરીરનો ત્યાગ કરે છે, તે તેને જ પામે છે. ત્યારે આ તો બહુ સરળ રસ્તો છે. આજીવન મોજમજા કરી મરવા પડીશું ત્યારે ભગવાનનું સ્મરણ કરી લઈશું એવું લોકો વિચારે.*

**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, એવું નથી થતું, મનુષ્ય અંત સમયે એજ ભાવનુ સ્મરણ કરી શકે છે, જેનું જીવનભર રટણ કર્યુ હોય. જીવનભર જેનો અભ્યાસ કર્યો હોય તેનો વિચાર અનિચ્છાએ પણ આવી જ જાય છે. હવે આગળ સાંભળ, સ્વર્ગલોક એ દેવોનો લોક છે. દેવો ત્યાં નિવાસ કરે છે. જે યોગી પોતાના જન્મકાળ દરમિયાન નિત્ય નિરંતર મારું સ્મરણ કરે છે અને કયારેક પોતાના માર્ગ પરથી ચુકી જાય, તે પણ સ્વર્ગલોક પામે છે, અને ત્યાં કેટલાક વર્ષો નિવાસ કર્યા પછી પુર્નજન્મ લઈ પોતાના અધૂરા કાર્ય પૂરા કરે છે. અક્ષરધામ એ મારું ધામ છે. જે વ્યકિત મને પામે છે તે અક્ષરધામને પામે છે

અને તે ફરીથી આ પૃથ્વી પર જન્મ લેતો નથી. બ્રહ્માના દિવસનો આરંભ થતા બ્રહ્માની સુષુપ્ત અવસ્થામાંથી સર્વે જીવો ઉત્પન્ન થાય છે અને રાત્રિનો આરંભ થતા તેમાં લય પામે છે અને આ ચક્ર નિરંતર ચાલ્યા કરે છે.

હે અર્જુન, હવે તને જે સમયમાં મૃત્યુ પામેલા યોગીઓ પાછા આવતા નથી તથા જે સમયમાં મૃત્યુ પામેલા પાછા જન્મે છે તે માર્ગો વિશે કહું છું. એ બે જાતના માર્ગોમાંથી જે યોગી અગ્નિ, પ્રકાશ, દિવસ, શુકલપક્ષ અને ઉત્તરાયણના છ મહીનાવાળા માર્ગથી જાય છે, તેને અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. જે યોગી ધુમાડો, રાત્રિ, કૃષ્ણપક્ષ, દક્ષિણાયનના છ મહિનાવાળા માર્ગથી જાય છે, તે યોગી સ્વર્ગસુખ ભોગવી પાછો જન્મ લે છે. હે અર્જુન, આ બંને માર્ગોને જાણનાર યોગી મોહ પામતો નથી, માટે તું સર્વકાળે યોગી થા. આ ગતિઓ જાણ્યા પછી યોગી સર્વવેદો, યજ્ઞો, તપ તથા દાનના પુણ્યોને પાર કરી પરમપદને પામે છે.

## અધ્યાય ૯ ભગવાન અંગેનું ગહન જ્ઞાન

**શ્રી કૃષ્ણ:** હે અર્જુન, હવે હું તને આ ગહનમાં ગહન વિજ્ઞાનયુકત જ્ઞાન કહું છું. જે બધા જ્ઞાનનો રાજા, ઉત્તમ, શ્રેષ્ઠ, ધર્મપ્રદ, સુખદ, અને પ્રત્યક્ષ અનુભવ કરી શકાય તેવું

તથા મેળવવામાં સરળ છે. આ સર્વ જગત પરબ્રહ્મ પરમાત્મા એવા મારી પ્રકૃત્તિનો વિસ્તાર છે. જેની પ્રત્યેક વસ્તુ મારા પર નભે છે, પરંતું હું તેના પર નભતો નથી. હે અર્જુન, પ્રલયકાળે સર્વ સૃષ્ટિ અંતે મારી પ્રકૃત્તિમાં લય પામે છે, જેને હું સૃષ્ટિના આરંભે મારી દિવ્ય શકિતથી ફરી ઉત્પન્ન કરું છું. મારી પ્રકૃત્તિ જડ-ચેતન સહિત સર્વ જગતને ઉત્પન્ન કરે છે. જેથી જગતનો ક્રમ ચાલ્યા કરે છે. હું સર્વત્ર રહેલો છું, અને મનુષ્ય જાતજાતના પ્રકારે મારી ઉપાસના કરે છે. દેવોનું વ્રત કરનારા દેવોને પામે છે. પિતૃઓનું પૂજન કરનારા પિતૃઓને પામે છે. ભૂત-પ્રેતનું પુજન કરનારા ભૂતોને પામે છે. મને પુજનારા મને જ પામે છે અને તેમનો પુર્નજન્મ થતો નથી. જે કોઇ મને ભકિતપૂર્વક પત્ર, પુષ્પ, ફળ, પાણી વગેરે અર્પણ કરે છે, તે શુદ્ધ ચિત્તવાળાના ભકિતપૂર્વક અર્પણ કરેલા પદાર્થો હું ગ્રહણ કરું છું. હે અર્જુન, તું જે કરે છે, જે હોમે છે, જે દાન કરે છે, જે તપ કરે છે તે સર્વ મને અર્પણ કર. આમ કરવાથી તું કર્મબંધનમાંથી મુકત થઇશ અને મને પ્રાપ્ત કરીશ. હું મારા દરેક ભકતોને સમાનભાવે જોઉ છું. કોઇપણ ભકત મને પ્રિય કે અપ્રિય નથી. પરંતુ જે શ્રદ્ધા અને પ્રેમપૂર્વક મારી ભકિત કરે છે, તે મારી અતિ નિકટ છે. જો અત્યંત દુરાચારી વ્યકિત પણ એકચિત્તેથી મારી ભકિત કરે તો તેને પણ સંત સમજવો

કારણ કે તે મારામાં ઉત્તમ નિશ્ચયવાળો થયો છે. હે અર્જુન, કોઇપણ વ્યકિત કે જે મારા શરણમાં આવે છે, તે પરમગતિને પ્રાપ્ત કરે છે. તેથી તું મારામાં ચિત્ત રાખ, મારો ભકત થા, અને મને પૂજનારો થા, તું મને જ તારા અંતિમ લક્ષ્ય તરીકે જો અને મારો આશ્રય લે, તું નિઃશંક મને જ પામીશ.

## અધ્યાય ૧૦ ભગવાનની દુનિયા

**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, મારી ઉત્પત્તિને દેવતા, મહર્ષિ વગેરે કોઇપણ જાણતા નથી કારણ કે, બધા દેવતાઓ તથા મહર્ષિઓની ઉત્પત્તિ મારામાંથી જ થઇ છે. જે મને અજન્મા, અનાદિ અને સર્વ લોકના ઇશ્વર તરીકે જાણે છે, તે મનુષ્યોમાં જ્ઞાની છે, અને તે કર્મના બંધનથી મુકત થઇ જાય છે. બુદ્ધિ, જ્ઞાન, મોહ, માયા, ક્ષમા, સત્ય, અસત્ય, ઇન્દ્રિયનિગ્રહ, સુખ-દુઃખ, ઉત્પત્તિ, નાશ, ભય, અભય, અહિંસા, સમભાવ, સંતોષ, તપ, દાન, યશ, અપયશ, વિગેરે પ્રાણીઓના જુદા જુદા પ્રકારના ભાવો મારામાંથી જ પ્રગટ થાય છે. હું જ સર્વની ઉત્પત્તિનું કારણ છું, અને મારાથી જ જગતનો વિકાસ થાય છે, એવું જાણી જે બુદ્ધિમાન શ્રદ્ધાપુર્વક મને ભજે છે તેવા ભકતોને હું બ્રહ્મજ્ઞાન તથા વિવેક આપુ છું, જેનાથી તેઓ મને પામે છે.

***અર્જુનઃ*** *હે શ્રી કૃષ્ણ, આપ જે કંઈ કહી રહ્યા છો એ સર્વને હું સત્ય માનું છું પરંતુ હે પ્રભુ, આપનું વાસ્તવિક સ્વરુપ ન તો દેવતા જાણે છે ન તો દાનવ. હે દેવાધિદેવ, જગતના સ્વામી, આપ પોતે જ આપને જાણો છો, માટે આપ આપનું સંપૂર્ણ રીતે વર્ણન કરવામાં સમર્થ છો.*

**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, હું મારા દિવ્ય સ્વરુપનું સંક્ષિપ્તમાં વર્ણન કરીશ, કેમ કે મારા વિસ્તારનો તો અંત જ નથી, જે ઐશ્વર્યયુકત, શોભાવાળી અને શકિતયુકત વસ્તુ છે તેને તું મારા તેજનુ એક અંશ જ જાણ. હે અર્જુન, હું મારા તેજ અર્થાત યોગમાયાના એક અંશમાત્રથી જ સર્વ જગતને ધારણ કરુ છું.

## અધ્યાય ૧૧ ભગવાનનુ વિરાટ સ્વરુપ

***અર્જુનઃ*** *હે ભગવાન, તમે મને તમારા દિવ્યરુપ વિશે જણાવ્યું છતાં પણ મારે તમારા વિરાટરુપના દર્શન કરવાં છે. જો શકય હોય તો, હે ભકતોનાં ભગવાન તેનાં મને દર્શન કરાવો.*

**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, તે પહેલાં કયારેય ન જોયા હોય તેવાં, અનેક જાતના, અનેક રંગના, સેંકડો, હજારો રુપો જોવા માટે હું તને વિશિષ્ટ દષ્ટિ આપું છું. તેનાથી તું મારા વિરાટરુપનું દર્શન કર.

## ભગવાનનું વિરાટ સ્વરૂપ દર્શન

*આ પછી અર્જુન ભગવાનનું અનેક સ્વરુપમાં એક જ જગ્યા એ એકત્રિત-સંપૂર્ણ જગતને જુએ છે. ભગવનના આ દિવ્યરૂપને જોઇ, તે પ્રફુલ્લિત થઇ ઉઠે છે. તેના મુખમાંથી શબ્દો સરી પડે છે કે હે શ્રી કૃષ્ણ, આપ જ આ બ્રહ્માંડમાં સર્વસ્વ છો. મેં હમણાં જ આ યુદ્ધમાં ઉભેલા ઘણા યુદ્ધવીરો ને તમારામાં તણાતા અથવા વેગથી પ્રવેશતા જોયા, ઘણા તો પ્રવેશતા પહેલા જ મૃત્યુ પામ્યા. તો તમે મને જણાવો કે આ ઉગ્રરુપ વાળા આપ કોણ છો?*

**શ્રી કૃષ્ણઃ** હું આ યુદ્ધમાં ઉભેલા ઘમંડી પ્રાણીઓનો નાશ કરનાર મહાકાળ છું અને આ સમયે સર્વ લોકોનો સંહાર કરવા અહીં આવ્યો છું. જો તું યુદ્ધ નહીં કરે તો પણ તે જીવતા રહેવાના નથી, માટે યુદ્ધ કરવા તૈયાર થઇ જા, યશ મેળવી અને જીતીને આ સામ્રાજય ભોગવ. આ પાપીઓ મારાથી મરેલા જ છે. તું તો કેવળ આ લોકોનાં શરીરને નાશ કરવાનું સાધન છે. માટે ભય રાખ્યા વગર યુદ્ધ કર, તું ચોક્કસ જીતીશ.

**અર્જુનઃ** *હે ભગવાન, પહેલા કયારેય કોઇ એ ન જોયું હોય તેવું વિરાટ સ્વરૂપનું આપે દર્શન કરાવ્યું. હવે મને આપનું*

*શંખ, ચક્ર, ગદા, અને કમળવાળું ચતુર્ભૂજ રૂપ બતાવો અને લોકો તેને કઇ રીતે જોઇ શકે તે જણાવો?*

## ભગવાન અર્જુનને તેમના ચતુર્ભૂજ સ્વરૂપના દર્શન કરાવે છે.

**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, મે તને જે ચતુર્ભુજ રૂપ બતાવ્યુ એ કોઇ શાસ્ત્રો વાંચવાથી કે તપ કરવાથી, દાન કે યજ્ઞ કરવાની ન જોઇ શકાય. પરતું મારી એક ચિત્તે ભકિત કરવાથી, પોતાના સર્વ કર્તવ્ય મને અર્પણ કરી, મારા પર સંપૂર્ણ ભરોસો રાખી, વેરરહિત રહે તે મારા ચતુર્ભુજ રૂપ ને પામી શકે છે.

# અધ્યાય ૧૨ ભકિતયોગ

**અર્જુનઃ** *સૌથી શ્રેષ્ઠ ભકત કોણ કહેવાય?*
**શ્રી કૃષ્ણઃ** જે ભકત સ્થિર મન રાખી સંપૂર્ણ વિશ્વાસ સાથે મારામાં મન પરોવે છે, તેને હું સૌથી શ્રેષ્ઠ ભકત માનું છું. સર્વ ભકતોનો આ સંસારરુપી દુઃખમાંથી ઉદ્ધાર કરું છું.
**અર્જુનઃ** *હે પ્રભુ, ભકત માટે તમને પામવાના માર્ગો કયા છે?*
**શ્રી કૃષ્ણઃ** (૧) જે મારામાં મન પરોવી ને પોતાની બુદ્ધિ વડે મારું ચિંતન કરે છે. તે મારામાં નિવાસ કરે છે; (૨) જો કોઇ ચિંતન કરવા સમર્થ ન હોય તો પુજા, પાઠ, શ્રવણ, કિર્તન વગેરે કરી મને પ્રાપ્ત કરે છે; (૩) જો કોઇ પુજા, પાઠ,

કરવા સમર્થ ન હોય તો તે તેના કાર્યો મારે માટે કરે છે તેમ માનીને કર્તવ્યો, અને કર્મો પૂર્ણ કરે છે તે મને પામે છે; અને (૪) જે કર્તવ્યો કે કર્મો મારે માટે કરવા અસમર્થ હોય તે મારા શરણમાં આવી સંપૂર્ણ કર્મોની આસક્તિનો ત્યાગ કરે છે તે મને પામી શકે છે.

**અર્જુન:** *હે પ્રભુ, ભક્તોના સર્વશ્રેષ્ઠ લક્ષણો કયાં છે?*

**શ્રી કૃષ્ણ:** જે ભક્ત સર્વ પ્રાણીઓનો દ્વેષ કરતો નથી, જે મારું અને તારું કરતો નથી અને જે ઘમંડી નથી, જે સુખ અને દુ:ખમાં પણ સ્થિર, સહનશીલ અને સંતુષ્ટ છે, જે પોતાનું મન અને ઇન્દ્રિયોને વશમાં કરી મારું ધ્યાન કરે છે, જેને નિંદા અને સ્તુતિ બંને બરાબર છે, જે ઓછું બોલે છે, જે કાંઇ મળે તેમાં સંતુષ્ટ છે, જે આ સર્વે લક્ષણો ધરાવે છે તે સર્વશ્રેષ્ઠ ભક્ત છે.

## અધ્યાય ૧૩ સર્જન અને સર્જનહાર

**અર્જુન:** *હે પ્રભુ, સર્જન અને સર્જનહાર એટલે શું?*

**શ્રી કૃષ્ણ:** હે અર્જુન, તું તારા આ શરીરને સર્જન તરીકે જાણ અને જેણે આ સર્જન કર્યુ એ સર્જનના રહસ્યોને જાણનારને સર્જનહાર કહે છે.

**અર્જુન:** *તો તત્વજ્ઞાન એટલે શું?*

**શ્રી કૃષ્ણઃ** સર્જન અને સર્જનહારની સાચી સમજ એજ તત્વજ્ઞાન.

**અર્જુનઃ** *તો આ તત્વજ્ઞાનને પ્રાપ્ત કરવાનું સાધન શું છે?*

**શ્રી કૃષ્ણઃ** દેખાડો ન કરવો, હિંસા ન કરવી, સરળ બનવું, ગુરુની સેવા કરવી, મનની સ્થિરતા અને શુદ્ધિ રાખવી, મારામાં અટલ ભકિત રાખવી, આધ્યાત્મિક બનવું, આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિ માટે જોડાયેલ રહેવું, અને સર્વત્ર પરમાત્માને (મને) જ જોવા. આ બધુ તત્વજ્ઞાન પ્રાપ્ત કરવાનું સાધન છે.

**અર્જુનઃ** *હે યોગેશ્વર, આ સર્જનહારની (પરમાત્મા) ઓળખ કઈ રીતે કરી શકાય? તેની ઓળખાણ કરી શું ફાયદો થઈ શકે?*

**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, સર્જનહારની ઓળખ દૃષ્ટાંતથી આપી શકાય જે, તું સાંભળ. સર્જનહારની ઉત્પત્તિ કે નાશ થતો નથી, તે બંનેમાંથી પર છે. તે પોતાની ઈન્દ્રિયો (હાથ, પગ, આંખ, મુખ, કાન) વગર પણ સર્વત્ર હોવા છતાં આ પ્રકૃતિ (સર્જન) ના નિયમો તેને લાગુ પડતા નથી. તદ્ઉપરાંત તે આ સંસારમાં જન્મ લઈને તેનો આનંદ પણ ઉઠાવી શકે છે. તે સર્વેની અંદર તથા બહાર રહેલ છે. તે સર્વેની નજીક તથા જોજનો દુર પણ છે. તે એક જ હોવા છતાં દરેક વસ્તુમાં

અનેક સ્વરૂપે દેખાય છે. તે જ્ઞાનનો પણ એક વિષય છે તથા તે આ સર્જનનો સર્જનહાર, પાલનહાર, અને વિનાશકારી છે. આમ મારી (સર્જનહારની) ઓળખ જાણી મારા ભક્ત મને પ્રાપ્ત કરે છે.

**અર્જુન**: *હે પ્રભુ, શરીર (મનુષ્ય) ની ઉત્પત્તિ કઇ રીતે થાય છે? તે આ સર્જન (પ્રકૃતિ) ને કઇ રીતે અનુભવે છે?*

**શ્રી કૃષ્ણ**: હે કુંતિપુત્ર, શરીરની ઉત્પત્તિ એ આ પ્રકૃતિના તત્વોમાં સર્જનહારની પુરેલી ચેતના (જીવ) થી થાય છે. સુખ, દુ:ખનો અનુભવ એ ચેતના થકી શરીર આ પ્રકૃતિ સાથે મળી કરે છે. આ સુખદાયક કે દુ:ખદાયક અનુભવ એ મનુષ્યનો સારો કે ખરાબ જન્મ નક્કી કરે છે. પરમાત્મા એ શરીરમાં રહેલી ચેતના (જીવ) સ્વરૂપે મનુષ્યના જીવનના સાક્ષી, માર્ગદર્શક, મદદકર્તા, આનંદકર્તા, અને જીવનને નિંયત્રણ કર્તા બને છે.

**અર્જુન**: *હે કૃષ્ણ, આ તમે સમજાવેલ તત્વજ્ઞાનનો અનુભવ મનુષ્ય ધ્યાન, જ્ઞાન, અને કર્મથી ન કરી શકે તો તે કેવી રીતે કરી શકે છે?*

**શ્રી કૃષ્ણ**: જે વ્યકિત, તત્વજ્ઞાનનો અનુભવ ધ્યાન, જ્ઞાન અને કર્મથી ન કરી શકે એ શાસ્ત્રોમાં લખેલી અને મહાપુરુષો દ્વારા

કહેવાયેલી વાતોને અનુસરી જાણી શકે છે, અને આ જાણ્યા પછી મને પામી શકે છે.

**અર્જુનઃ** *હે પ્રભુ, તમારા દ્વારા અહીં કહેવાયેલા તત્વજ્ઞાનને જાણનારાઓમાં સૌથી બુદ્ધિમાન તમને કઇ રીતે પામી શકે છે?*

**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, જે વ્યકિત આ બ્રહ્માંડમાં રહેલ નિર્જીવ અને સજીવ વસ્તુઓને પરમાત્મા (સર્જનહાર) અને પ્રકૃતિ (સર્જન)ના સંયોગથી પેદા થયેલ જાણે છે, દરેકને સમાન ભાવથી જુએ છે, દરેક વસ્તુમાં ભગવાનના દર્શન કરે છે, હિંસા નથી કરતો, દરેક કાર્ય એ ભગવાન દ્વારા થયેલું ગણે છે, અને પોતાને તો ફકત કાર્યનું માધ્યમ જ સમજે છે તે સૌથી બુધ્ધિમાન છે. જે રીતે સુર્યપ્રકાશ આ ધરતીને પ્રકાશ આપે છે તેજ રીતે પરમાત્મા (હું) આ બ્રહ્માંડને ચેતના પ્રદાન કરે છે. આમ જે બુદ્ધિમાન, સર્જન અને સર્જનહારનો ભેદ સમજીને આ તત્વજ્ઞાન પચાવે એ તે પરબ્રહ્મ પરમાત્માને પામે છે.

## અધ્યાય ૧૪ પ્રકૃતિના ત્રણ ગુણો

હે અર્જુન, મારું બ્રહ્મસ્વરૂપ એ સર્વ પ્રાણીઓની ઉત્પત્તિનું ઉદ્‌ગમસ્થાન છે, જેમાં હું ચેતનરૂપી બીજ મુકુ છું. આ

પૃથ્વી પર પેદા થનાર પ્રત્યેક જીવ માટે પ્રકૃતિ માતા છે અને હું ચેતના આપનાર પિતા છું. પ્રકૃતિથી ઉત્પન્ન થતા ગુણો (સત્વ, રજસ, અને તમસ) જીવને દેહની સાથે બાંધી દે છે. હવે આ ત્રણ ગુણો વિશે સાંભળ. સત્વગુણ નિર્મળ, વિકાર રહિત, તથા જ્ઞાન દેનાર છે. તે જીવને સુખ અને શાંતિ આપે છે. રજસ ગુણ એ રાગ સ્વરૂપ છે. તે જીવમાં વિષય-ભોગની પ્યાસ (તૃષ્ણા) ઉત્પન્ન કરે છે. તે અશાંતિ અને માયાનું કારણ છે. તે જીવાત્માને કર્મફળની આસકિતથી બાંધે છે. તમસ ગુણ એ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. તમસ ગુણ લાપરવાહી, આળસ, અને નિંદ્રા દ્વારા જીવનને બાંધે છે. હે અર્જુન, મનુષ્યના જીવનકાળ દરમિયાન જો એક ગુણ, બીજા ગુણ પર હાવી થઇ જાય, તો તે તેને દબાવી દે છે. સત્વગુણી મનુષ્ય મૃત્યુ પછી સ્વર્ગલોકને પામે છે. રજોગુણી મનુષ્ય ફરીથી મનુષ્ય અવતાર લે છે. તમોગુણી મનુષ્ય મૃત્યુ પછી પશુ-પક્ષી-જીવજંતુ જેવી મૂઢયોનિમાં જન્મે છે. જે જ્ઞાની મનુષ્ય આ ત્રણે ગુણોથી પાર થઇ જાય છે, ત્યારે તે મુકિત પ્રાપ્ત કરી જન્મ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુના દુઃખથી મુકત થઇ જાય છે.

**અર્જુન**: *હે પ્રભુ, આ ત્રણે ગુણોથી પર મનુષ્યના લક્ષણો કેવા હોય છે? એનું આચરણ કેવુ હોય છે? મનુષ્ય આ ત્રણ ગુણોથી પર કેવી રીતે થઇ શકે છે?*

**શ્રી કૃષ્ણ**: હે અર્જુન, જે વ્યકિત નિરંતર આત્મભાવમાં રહે છે, સુખ-દુઃખમાં સમાન રહે છે, જેના માટે માટી, પથ્થર, અને સોનું એક સરખુ છે, જે જ્ઞાની છે, જે પ્રિય-અપ્રિય, નિંદા-સ્તુતિ, માન-અપમાન તથા શત્રુ-મિત્રમાં સમાન ભાવ રાખે છે, અને જે મનુષ્ય પોતાના સંપૂર્ણ કર્મોમાં, કર્તાપણાના ભાવ રહિત છે. તે ત્રણ ગુણોથી પર મનુષ્યના લક્ષણો છે. હે અર્જુન, જે મનુષ્ય ભકિતપૂર્વક મારી ઉપાસના કરે છે તે પ્રકૃતિના ત્રણે ગુણોને પાર કરી પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિને યોગ્ય થઇ જાય છે.

# અધ્યાય ૧૫ પુરુષોત્તમની સમજ

**અર્જુન**: *હે પ્રભુ, આ માયાવી દુનિયા શું છે?*
**શ્રી કૃષ્ણ**: હે અર્જુન, આ માયાવી દુનિયાને તું વૃક્ષ તરીકે ઓળખ. આ વૃક્ષનું મુળ પરમાત્મા છે. આ બ્રહ્માંડ એની શાખાઓ છે, જે સર્વત્ર ફેલાયેલી છે. વેદમંત્ર એના પાંદડા છે.
**અર્જુન**: *હે પ્રભુ, આ સંસારરુપી વૃક્ષના મૂળિયાં કેટલા ઊંડા છે અને ત્યાં સુધી કઈ રીતે પહોંચી શકાય ?*
**શ્રી કૃષ્ણ**: આ વૃક્ષના મૂળિયાં કયાંથી શરુ થાય છે અને કયાં અંત પામે છે, તેનો કોઇને પણ ખ્યાલ આવતો નથી. જે મનુષ્ય પોતાના અહંકાર અને ઇચ્છાઓથી ઉપર ઉઠે છે,

જેના માટે સુખ તથા દુઃખ સમાન છે, તે આ સંસારરૂપી વૃક્ષના મૂળિયાં સુધી પહોંચે છે.

**અર્જુન :** *હે ઈશ્વર, મનુષ્યનો જીવ શું છે? આત્મા એક શરીરમાંથી બીજા શરીરમાં કઈ રીતે જાય છે?*

**શ્રી કૃષ્ણ:** હે અર્જુન, જીવ એ પરમાત્માની શકિતનો જ એક અંશ છે. જીવ એ શરીરની છ ઇન્દ્રિયો (કાન, આંખ, નાક, જીભ, ચામડી, મન) ને ચેતના પ્રદાન કરે છે. જેમ હવા ફૂલમાંથી સુગંધ એક સ્થળેથી બીજા સ્થળે લઇ જાય છે, તેમ જીવ (આત્મા) મૃત્યુ પછી ઇન્દ્રિયોને એક શરીરમાંથી બીજા શરીરમાં લઇ જાય છે. આ પ્રક્રિયાને કેવળ જ્ઞાનીઓ જ જાણી શકે છે.

**અર્જુન:** *હે પ્રભુ, તમે પુરુષોત્તમ તરીકે કેમ ઓળખાઓ છો?*

**શ્રી કૃષ્ણ:** હે અર્જુન, આ બ્રહ્માંડ એ અવિનાશી (અક્ષર) અને વિનાશી (ક્ષર) વસ્તુઓનું બનેલું છે. અવિનાશી વસ્તુ એટલે આત્મા અને વિનાશી એટલે શરીર. આ બંને વસ્તુઓની ઉપર જે દિવ્ય શકિત રહેલી છે, જે પરમાત્મા પરબ્રહ્મ તરીકે ઓળખાય છે, જે સર્વે જીવોનું પાલનપોષણ કરે છે. તે હું છું, આથી વેદોમાં હું પરમાત્મા (પુરુષોત્તમ) તરીકે ઓળખાવ છું.

**અર્જુન:** *હે પરમાત્મા, આપ કયાં નિવાસ કરો છો?*

**શ્રી કૃષ્ણઃ** હે અર્જુન, હું આ પૃથ્વીલોક, સ્વર્ગલોક, દેવલોક, અને ચંદ્રલોકથી પણ ઉપર રહેલા પરમધામ (અક્ષરધામ) માં નિવાસ કરું છું.

## અધ્યાય ૧૬ દૈવી અને રાક્ષસી ગુણોનો યોગ

**અર્જુનઃ** *હે પ્રભુ, આ સંસારમાં કેવા પ્રકારના મનુષ્યો છે?*
**શ્રી કૃષ્ણઃ** હે પાર્થ, આ લોકમાં બે પ્રકારના મનુષ્યો છેઃ (૧) દૈવી લક્ષણોવાળા (જ્ઞાની પુરુષો), અને (૨) રાક્ષસી લક્ષણોવાળા (અજ્ઞાનીપુરુષો).
**અર્જુનઃ** *હે પ્રભુ, દૈવી પુરુષોના લક્ષણો કયાં કયાં છે? એ લક્ષણોવાળા મનુષ્યો શો લાભ મેળવે છે.*
**શ્રીકૃષ્ણઃ** હે અર્જુન, દૈવી પુરુષોના લક્ષણો આ પ્રમાણે છેઃ (૧) અભય (જેને કોઇ પણ પ્રકારનો ડર કે ભય નથી તે); (૨) અંતઃકરણ (આત્મા)ની શુદ્ધિવાળા; (૩) જેને દઢ શકિત છે; (૪) દાન કરનાર; (૫) યજ્ઞ કરનાર; (૬) જેણે ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવેલ છે; (૭) સ્વાધ્યાયી; (૮) તપ કરવાવાળો; (૯) સરળ સ્વભાવનો; (૧૦) અહિંસામાં માનનારો; (૧૧) સત્ય બોલનારો; (૧૨) કયારેય ક્રોધ ન કરનાર; (૧૩) ત્યાગની ભાવનાવાળો; (૧૪) શાંત; (૧૫) કોઇની નિંદા ન કરનાર; (૧૬) દયા ભાવવળો; (૧૭) જેનુ મન

લાલચી ન હોય; (૧૮) કોમળ મનવાળો; (૧૯) કર્મનું પાલન કરવામાં ક્ષોભ ન અનુભવતો હોય; (૨૦) ખોટી ચપળતાનો અભાવ; (૨૧) તેજ બુધ્ધિવાળો; (૨૨) ક્ષમા યાચનાવાળો; (૨૩) ધૈર્યવાન; (૨૪) શરીરની શુધ્ધિવાળો; (૨૫) કોઇની સાથે વેર ન કરનાર; અને (૨૬) ગર્વનો અભાવ. આ સદ્ગુણોવાળો મનુષ્ય મોક્ષ પામે છે.

**અર્જુન**: *હે પ્રભુ, રાક્ષસી ગુણોવાળા મનુષ્યના લક્ષણો કયા કયા છે?*

**શ્રી કૃષ્ણ**: હે અર્જુન, દંભ, ઘમંડ, અભિમાન, ક્રોધ, કઠોરવાણી એ રાક્ષસી ગુણોવાળા મનુષ્યના લક્ષણો છે. આવા ગુણોવાળા મનુષ્યનો જન્મ જગતનો નાશ કરવા માટે જ થાય છે. આવા લક્ષણોવાળા નરાધમો નરકમાં જાય છે, અને ફરી રાક્ષસ યોનિમાં જ જન્મ પામે છે. આવા મનુષ્યો મને પામવાની જગ્યાએ વારંવાર રાક્ષસી ગુણો સાથે નરક અને પૃથ્વીલોક વચ્ચે ફર્યા કરે છે.

**અર્જુન**: *હે શ્રી કૃષ્ણ, નરકના દ્વાર કયા અને તેમાંથી બચવા શું કરવું જોઇએ?*

**શ્રી કૃષ્ણ**: કામ, ક્રોધ, અને લોભ એ ત્રણ નરકના દ્વાર છે. એનો ત્યાગ એજ નરકમાં જવાથી બચવાનો ઉપાય છે. આમ

જે માણસ શાસ્ત્રોમાં લખાયેલ કર્તવ્યોનું પાલન કરે છે તે રાક્ષસી લક્ષણોવાળી પ્રકૃતિમાંથી હંમેશા છુટી જાય છે.

## અધ્યાય ૧૭ શ્રધ્ધાના ત્રણ પ્રકાર

**અર્જુન**: *હે પ્રભુ, જે મનુષ્ય કોઈપણ શાસ્ત્રોનું અનુશરણ કર્યા વગર શ્રધ્ધાપૂર્વક પૂજા કરે છે તેની શ્રધ્ધા કેવી છે? શું તે સાત્વિક, રાજસિક કે તામસિક છે?*

**શ્રી કૃષ્ણ**: હે અર્જુન, વ્યકિત પોતાની શ્રદ્ધાથી જ ઓળખાય છે. મનુષ્યની શ્રદ્ધા તેમના સ્વભાવ તથા સંસ્કારને અનુરુપ હોય છે. મનુષ્ય જેવું ઇચ્છે તેવો બની શકે છે. (૧) સાત્વિક વ્યકિત દેવી-દેવતાઓને પુજે છે. (૨) રાજસિક રાક્ષસોને પૂજે છે. (૩) તામસિક ભૂતો અને પ્રેતોને પૂજે છે. આમ સ્વભાવ અને સંસ્કાર પ્રમાણે દરેક વ્યકિત ભોજન, યજ્ઞ, તપ, અને દાન પણ કરે છે.

**અર્જુન**: *હે પરમકૃપાળુ પરમાત્મા, મને કહો કે ભોજનના પ્રકાર કેટલા?*

**શ્રી કૃષ્ણ:** હે અર્જુન, ભોજનના પ્રકાર આ પ્રમાણે છેઃ (૧) સાત્વિક વ્યકિતને પ્રિય ભોજનઃ આયુષ્ય, બળ, બુદ્ધિ, સ્વાસ્થ્ય, સુખ, અને પ્રસન્નતા વધારનાર, રસયુકત, ચીકણા, સ્થિર રહેનાર તથા શરીરને શકિત દેનાર ભોજન

(શાકાહારી ભોજન); અને (૨) રાજસિક વ્યકિતને પ્રિય ભોજનઃ દુઃખ, ચિંતા અને રોગોને ઉત્પન્ન કરનાર, બહુ જ કડવા, ખાટા, ખારા, ગરમ, તીખા, અને દાહ કરનાર ભોજન; અને (૩) તામસિક મનુષ્યને પ્રિય ભોજનઃ અધકચરું (કાચુ પાકું), રસ વીનાનું, દુર્ગંધવાળુ વાસી, એઠું અને માંસ, મદિરા જેવો અપવિત્ર આહાર.

**અર્જુનઃ** *હે પ્રભુ, યજ્ઞના પ્રકાર કેટલા અને મનુષ્ય પોતાના સ્વભાવ પ્રમાણે કેવા યજ્ઞ કરે છે?*

**શ્રી કૃષ્ણઃ** યજ્ઞના ત્રણ પ્રકાર છે જે આ પ્રમાણે છેઃ (૧) “યજ્ઞ કરવો એ આપણું કર્તવ્ય છે” એમ વિચારી ફળની આશા વગર વિધિપૂર્વક કરેલો યજ્ઞ સાત્વિક છે; (૨) જે વ્યકિત ફળની ઇચ્છાથી અથવા દેખાવ કરવા માટે યજ્ઞ કરે છે તે રાજસિક છે; (૩) શાસ્ત્રવિધિ, અન્નદાન, મંત્ર, દક્ષિણા, અને શ્રદ્ધા વગર કરેલા યજ્ઞને તામસિક યજ્ઞ કહે છે.

**અર્જુનઃ** *હે પ્રભુ, તપ કેટલા પ્રકારના છે. સાત્વિક, રાજસિક, અને તામસિક લોકો કેવા પ્રકારના તપ કરે છે?*

**શ્રી કૃષ્ણઃ** (૧) શારીરિક તપઃ દેવી-દેવતા, ગુરુ, અને જ્ઞાની જનોનું પૂજન, પવિત્રતા, સદાચાર, બ્રહ્મચર્ય, અને અહિંસાને શારીરિક તપ કહેવાય છે. (૨) વાણીનું તપઃ જેની વાણી સારી છે, જે બીજાના મનમાં અશાંતિ પેદા ન કરે, જે સત્ય,

મધુર, અને હિતકારક હોય તથા જેનો ઉપયોગ શાસ્ત્રોને શીખવવામાં થતો હોય એવી સારી વાણીને વાણીનું તપ કહેવાય છે. (૩) માનસિક તપઃ મનની પ્રસન્નતા, સરળતા, ચીત્તની સ્થિરતા, મનનું નિયંત્રણ, અને શુદ્ધ વિચારને માનસિક તપ કહેવાય છે.

હવે સાંભળ કે સાત્વિક, રાજસિક કે તામસિક લોકો કેવા તપ કરે છે.(૧) સાત્વિક લોકોનું તપઃ ફળની ઇચ્છા વગર, શ્રદ્ધા પૂર્વક કરેલા ઉપરના ત્રણે પ્રકારના તપને સાત્વિક તપ કહે છે. (૨) રાજસિક લોકોનું તપઃ જે તપ બીજાથી સત્કાર, માન અને પૂજા કરાવવા માટે અથવા કેવળ દેખાવ માટે જ કર્યુ હોય એવા અનિશ્ચિત અને ક્ષણિક ફળવાળા તપને રાજસિક કહે છે. (૩) તામસિક લોકોનું તપઃ જે તપ અજ્ઞાનપૂર્વક, હઠથી પોતાના શરીરને પીડા આપી અથવા બીજાને ક્ષતિ (હાની) કરવા માટે કરે છે એને તામસિક તપ કહેવાય.

***અર્જુન**: હે યશોદાનંદન, દાનના પ્રકાર કયા કયા ?*

**શ્રી કૃષ્ણ**: હે અર્જુન, દાનના પ્રકાર પણ સાત્વિક, રાજસિક અને તામસીક છે જે મનુષ્ય પોતાના સ્વભાવ પ્રમાણે કરે છે. (૧) સાત્વિક દાનઃ “દાન આપવું એ આપણુ કર્તવ્ય છે” એવા ભાવથી, ફળની આશા વગર દેશ, કાળ, અને પાત્ર

અનુસાર જે દાન કરે છે એ દાન સાત્વિક દાન કહેવાય છે. (૨) રાજસિક દાનઃ જે મનુષ્ય ફળની આશાથી અથવા શ્રદ્ધા વગર આપે તે દાનને રાજસિક કહેવાય છે. (૩) તામસિક દાનઃ જે મનુષ્ય, દેશ, કાળ, અને પાત્રનો વિચાર કર્યા વગર અથવા પાત્રનો અનાદર તથા તિરસ્કાર કરીને દાન આપે, તે દાન તામસિક કહેવાય છે. આમ, શ્રદ્ધા વગર કરેલુ દાન, યજ્ઞ, તપ અથવા કોઈપણ કાર્ય અર્થ વગરનું છે. જેની આ લોકમાં કે પરલોકમાં કઈ કિંમત નથી.

## અધ્યાય ૧૮ ભગવાનના અંતિમ ઉદ્દગારો

**અર્જુન**: *હે અંતર્યામી, હું સંન્યાસ અને ત્યાગ વિષે જાણવા માગું છું, એ બંને વચ્ચે શું ભેદ છે?*

**શ્રી કૃષ્ણ**: સકામ કર્મના પરિત્યાગને જ્ઞાનિજન સંન્યાસ કહે છે, જયારે વિવેકી મનુષ્ય સર્વ કર્મોના ફળના ત્યાગને ત્યાગ કહે છે. કેટલાક મહાત્મા એવું માને છે કે, સર્વ કર્મો દોષવાળા હોવાથી તેનો ત્યાગ કરવો જોઈએ. પરતું હું કહું છું કે, પોતાની ફરજ કે કાર્યો છોડી દેવા એ બરાબર નથી. "કર્મ કરવું એજ આપણું કર્તવ્ય છે" એવું સમજીને ફળની આશા વગર કરેલું કર્મ જ સાચો ત્યાગ કહેવાય છે. મનુષ્ય માટે

સંપૂર્ણ રીતે બધા કર્મોનો ત્યાગ કરવો સંભવ નથી એટલે જ બધા કર્મોના ફળની લાલચનો ત્યાગ કરનાર જ ત્યાગી કહેવાય છે.

**અર્જુન**: *હે પ્રભુ, તો પછી કરેલા કર્માની સિદ્ધિ માટે કયા કારણ જવાબદાર છે?*

**શ્રી કૃષ્ણ**: જે પણ કર્મ, સારુ કે ખરાબ પણ મન, વાણી, અને શરીર દ્વારા કરેલ હોય તેની સિદ્ધિ માટે પાંચ કારણ જવાબદાર છેઃ (૧) આપણું શરીર; (૨) પ્રકૃતિના ગુણ રૂપી કર્તા (આત્મા); (૩) કામ કરવાનુ સાધન; (૪) કામ કરવાનો પ્રયાસ; અને (૫) પરમાત્મા. જે મનુષ્ય કેવળ પોતાને જ કર્તા માની લે છે, તે અજ્ઞાની છે. જે મનુષ્યના અંતઃકરણમાં "હું કરું છું" નો ભાવ નથી તે પાપથી બંધાતો નથીં.

**અર્જુન**: *હે પ્રભુ, કર્મ માટેના પ્રેરણા સ્ત્રોત કયા છે?*

**શ્રી કૃષ્ણ:** કર્મ માટેના ત્રણ પ્રેરણા સ્ત્રોત છેઃ (૧) કર્તા; (૨) કાર્ય; અને (૩) કાર્યનું જ્ઞાન. કર્મ કરવામાં અગીયાર અંગો સંકળાયેલા છે. જેમાં છ ઇન્દ્રિયોઃ આંખ, નાક, કાન, ચામડી, જીભ, અને મન તથા પાંચ સાધનોઃ મુખ, હાથ, પગ, મળદ્વાર, મુત્રદ્વારનો સમાવેશ થાય છે.

**અર્જુન**: *હે પ્રભુ, મનુષ્યના જીવનના શું ધ્યેય છે?*

**શ્રી કૃષ્ણઃ** મનુષ્યના જીવનના ચાર ધ્યેય છે. જે દરેક મનુષ્ય અને સમાજના તબક્કાવાર વિકાસ માટે છે, જે આ પ્રમાણે છેઃ (૧) ધર્મઃ પોતાની ફરજ નિભાવવી (કર્તવ્ય પાલન); (૨) અર્થઃ ધન કમાવવું; (૩) કામઃ ઇચ્છાઓ પુરી કરવી; અને (૪) મોક્ષઃ આ સંસારમાંથી મુકિત પામવી.

**અર્જુન**ઃ *હે યોગેશ્વર, આ સંસારના ધ્યેયો, સિદ્ધિઓ, શાંતિ અને તમને પામવા માટે કઈ રીતે યોગ્ય બની શકાય છે?*

**શ્રી કૃષ્ણ**ઃ હે અર્જુન, આ માટે તારે (દરેક મનુષ્યએ)ઃ (૧) કરેલા કર્મોના ફળની ચિંતા ન કરવી; (૨) પોતાનું કાર્ય ભગવાન માટે કરતા હોય તેમ માની પોતાની સંપૂર્ણ શકિતથી કરવું; (૩) પોતાની બુદ્ધિ આધ્યાત્મિક અધ્યયનથી શુદ્ધ કરવી; (૪) મનથી દૃઢ સંકલ્પ અને આત્મ સંયમ રાખવો; (૫) ગમા અને અણગમાનો ત્યાગ કરવો; (૬) પોતાની વાણી અને મન ઉપર કાબુ રાખવો; (૭) હલકું, સાત્વિક અને નિયમિત ભોજન કરવું; (૮) પરમાત્મામાં ધ્યાન પરોવવું; (૯) અહંકાર, બળ, ઘમંડ, કામ, ક્રોધ, અને હિંસાનો ત્યાગ કરવો; અને (૧૦) મારા અને તારાપણાનો ત્યાગ કરવો.

**અર્જુન**ઃ *હે પ્રભુ, આ સંસારના સર્વ દુઃખોમાંથી મુકિત મેળવવા શું કરવું જોઈએ?*

**શ્રી કૃષ્ણ**: અર્જુન, આ માટે તું મારામાં મન લગાડ, મારી પૂજા કર, મારો ભકત બન, અને મને નમસ્કાર કર. એવું કરવાથી તું સર્વ દુઃખોથી મુકત થઇ મને પામીશ. આ હું તને વચન આપું છું.

**અર્જુન**: *હે પરમકૃપાળુ પરમાત્મા, તમારી ઉત્તમ સેવા કરવાનો માર્ગ બતાવો.*

**શ્રીકૃષ્ણ**: જે વ્યકિત આ ગીતાના ઉપદેશનો મારા ભકતોમાં પ્રચાર અને પ્રસાર કરશે, તે મારી સૌથી ઉત્તમ સેવા ગણાશે અને તે મને નિઃસંદેહ પામશે. એનાથી વધારે પ્રિય મારું કાર્ય કરનાર કોઇ મનુષ્ય હશે નહિ. પરતું યાદ રહે કે જે, આ ગીતા ઉપદેશને સાંભળવા ન ઇચ્છતા હોય અથવા જેને મારામાં શ્રદ્ધા ન હોય તેવા લોકોને કદી ન કહેવું. આમ જે વ્યકિત આપણા બંને વચ્ચે થયેલા વાર્તાલાપનું અધ્યયન કરશે અથવા તો શ્રદ્ધા પૂર્વક સાંભળશે તે પણ સંપૂર્ણ પાપોથી મુકત થઈ પૂણ્યવાન બનશે.

આમ ગીતાના અંતે સંજય બોલે છે કે, "*જયાં પણ જે દેશ અથવા ઘરમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ તથા શસ્ત્રધારી અર્જુન બંને હશે ત્યાં સદાકાળ સમૃદ્ધિ, વિજય, સુખ, અને સદાચાર રહેશે.*"

હરી ૐ તત્સત્ હરી ૐ તત્સત્ હરી ૐ તત્સત્

શ્રી કૃષ્ણાર્પણ અસ્તુ શુભં ભૂયાત
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## વધુ અભ્યાસ કરવા માટેની સુચી

૧.શ્રીમદ ભગવદગીતા, લેખકઃ ડૉ. રામાનંદ પ્રસાદ
http://gita-society.com પરથી ડાઉનલોડ કરો.

૨. ગીતા પ્રવચનો, લેખકઃ વિનોબા ભાવે.
http://www.readgujarati.com/pdfs/Geeta_Pravachano.pdf પરથી ડાઉનલોડ કરો.

**આંતરરાષ્ટ્રીય ગીતા સોસાયટીની** સ્થાપના સને ૧૯૮૪ માં, અમેરીકાના કૅલિફૉર્નિયા રાજયમાં થઇ. આ સંસ્થાના હેતુઓઃ

(૧) શ્રીમદ્દ ભગવદ્દગીતા તથા વૈદિક પુસ્તકોનું સાદી અને સરળ ભાષામાં અનુવાદ કરીને, દુનિયા ના દરેક પુસ્તકાલયો, હોટેલો, મોટેલો, તથા ધાર્મિક અને સામાજીક સંસ્થોમાં, શકય હોય ત્યાં સુધી, મફતમાં, વિતરણ કરવું.

(૨) શ્રીમદ્દ ભગવદ્દગીતા તથા વૈદિક પુસ્તકોના જ્ઞાનના પ્રચાર અને પ્રસાર માટે સંસ્થાઓ અને સત્સંગ કેન્દ્રોનુ નિર્માણ કરવું.

આ સંસ્થામાં દાન તથા સેવાઓ માટે નીચેના સરનામે સંર્પક કરવોઃ

**આંતરરાષ્ટ્રીય ગીતા સોસાયટી, ભારત**
માત્રિનગર કૉલૉની, માલહીયા બાયપાસ,
રામાના ડાફી, વારાણાસી-૨૨૧૦૧૧, ઉત્તર પ્રદેશ.
www.indiagitasociety.org

**International Gita Society, USA**
511 Lowell Place, Fremont, CA 94536, USA
www.gita-society.com

# ગીતા સંદેશ

તમે તમારું કામ, તમારી ઉત્કૃષ્ઠ ક્ષમતાથી ફળની ચિંતા વગર કરો. ભગવાન દરેક વસ્તુમાં રહેલા છે અને દરેકને સરખા ગણી વ્યવહાર કરો. ભગવાન હમેંશા મદદ માટે તૈયાર છે.